કોલવડામાં જુગારની માથાકુટમાં હત્યા

કોલવડામાં જુગારની માથાકુટમાં આધેડને છાતીમાં ગોળી મારી તિક્ષણ હથીયારના ઘા ઝીંકી હત્યા : કોલવડામાં ત્રણ માસમાં હત્યાનો બીજો બનાવ, સ્થાનિક પોલીસ સહિત એલસીબી, એસઓજી ટીમ તપાસમાં જોડાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના કોલવડા ગામથી આર્યુવેદિક કોલેજ જવાના માર્ગ પર ખેતરમાં જુગાર રમી રહેલા ગામના દિલિપસિંહ વાઘેલા ઉપર ફાયરીંગ કરી તિક્ષણ હથીયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. કોલવડા ગામમાં ત્રણ માસમાં બીજી હત્યાનો બનાવ બનતા પેથાપુર પોલીસ સહિત એલસીબી, એસઓજી પોલીસે પણ તપાસ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે ચાર માસ અગાઉ એક બોરકુવા પર દારૂની મહેફીલ દરમિયાન માથાકુટ થતા એક પોલીસ કર્મચારી, રાજકીય આગેવાન અને અન્ય એક વ્યકિતને લાકડીઓ વડે માર મારવાના પ્રકરણમાં મરનાર દિલિપસિંહનું નામ બહાર આવ્યું હતું. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામથી આર્યુવેદિક કોલેજ તરફ જવાના માર્ગ પર હનુમાન મંદિર નજીકના ખેતરમાં કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને બેઠા હતા. તે સમયે કોઈ બાબતે માથાકુટ થતા ગામના દિલિપસિંહ વાઘેલા ઉપર ફાયરીંગ કરી શરીર પર તિક્ષણ હથીયારના આઠ થી દશ જેટલા ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધુ હતું. બનાવની જાણ થતા ગામમાં પણ ચકચાર મચી જવા પામી હતી. પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એમ. એસ. રાણા સ્ટાફના કર્મચારીઓ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા. દિલિપસિંહ વાઘેલા ખેતીકામ કરતા હતા. તેઓ ઘોડા અને પશુઓનો તબેલો પણ ધરાવતા હતા. જયારે આજે તેઓ કેટલાક વ્યકિત સાથે જુગાર રમવા બેઠા હતા. તે સમયે કોઈ માથાકુટ થઈ હતી. જેને પગલે જુગાર રમતા શખ્સો પૈકીના એક ફાયરીંગ કરતા દિલિપસિંહને પેટના ભાગે ગોળી વાગી હતી. તેમ છતા હત્યારાએ તિક્ષણ હથીયારના ઘા ઝીંકી દિલિપસિંહનું ઢીમ ઢાળી દીધુ હતું. દિલિપસિંહને ગોળી અને હથીયારના ઘા વાગતા લોહીના ખાબોચીયામાં ફસડાઈ પડ્યા હતા. ઘટના સ્થળે પહોચી પોલીસની વિવિધ ટીમોએ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. પોલીસે સ્થળનું પંચનામુ કરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. ત્યારે સુત્રોના જણાવ્યા મુજબ દિલિપસિંહ સાથે ત્રણ થી ચાર વ્યકિત જુગાર રમી રહ્યા હતા. બનાવ સ્થળ પરથી જુગાર રમવાના પાના પણ પોલીસને અસ્ત વ્યસ્ત પડેલા મળી આવ્યા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના ફેર પડ્યો... પહેલા દેશ પર દાઝ છડતી હતી.. હવે દેશ દાજ અનુભવાય છે...!!!

શહેરમાં પોલીસ દ્વારા તિરંગા યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલની આગેવાનીમાં સેકટર-૨૧ પોલીસ મથકથી તિરંગા યાત્રા નીકળી હતી. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ, ડીવાયએસપી, એમ.કે.રાણા, એલસીબી પીઆઈ એચ. પી. ઝાલા, સેકટર-૨૧ પીઆઈ મનોજ ભરવાડ સહિત ટ્રાફિક પોલીસ તેમજ મોટીસંખ્યામાં પોલીસ ભાઈ-બહેનો તિરંગો લઈ યાત્રામાં જોડાયા હતા. આવતી કાલે ૧૫ ઓગસ્ટના રોજ ૭૫માં સ્વતંત્રતા પર્વની ઉજવણીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.ત્યારે ૧૫ ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ શહેરના રાજમાર્ગો પર પોલીસની તિરંગા યાત્રા નીકળતા અનોખો દેશભકિતનો માહોલ સર્જાયો હતો. જયારે તિરંગા યાત્રા દરમિયાન તિરંગાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તિરંગા યાત્રામાં બાઈક રેલી, પોલીસ વાન અને ડી.જે.માં વાગતા દેશભકિતના ગીતોને પગલે દેશપ્રેમનું વાતાવરણ સર્જાયું હતું. પોલીસની તિરંગા યાત્રાનું ઠેર ઠેર નગરજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર તિરંગા મય બને તે માટે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓ તિરંગા યાત્રામાં પગપાળા જોડાયા હતા.

ખૂણેખાંચરેથી

- આજે સ્વાતંત્ર્યદિને જિલ્લાના ૪૦થી વધુ કર્મચારીઓને જિલ્લાકક્ષાના સમારોહમાં સન્માનિત કરાશે.
- ગાંધીનગર શહેરમાં રજાના માહોલ હોવાથી બજારોમાં ઘરાકી પણ ઓછી જોવા મળી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન છવાઈ ગયું છે અને દેશભક્તિનો માહોલ જામ્યો છે.
- જિલ્લામાં શ્રાવણિયા જુગારની પણ મોસમ પુરબહારમાં જામી છે.
- ગાંધીનગરથી ઉપડતી અને ગાંધીનગરથી પસાર થતી એસ.ટી. બસો અનિયમિત બનતાં મુસાફરો પરેશાન થઈ રહ્યા છે.
- પર્વોને લઈ ગાંધીનગરના ફૂલ બજારમાં પણ ભાવ-વધારો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં આંતરિક માર્ગો પર ગંદકીના થર જામી ગયા છે.
- ગાંધીનગર શહેરમાં ભગવાન ગણેશના વાહન મૂષકની હેરાનગતિથી નગરવાસીઓ હવે ત્રાસી ગયા છે.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા ગંભીર બની રહી છે. રાત્રિના સમયે સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી આવા પશુઓ માર્ગો પર કબ્જો જમાવી દેતા હોવાથી વાહનચાલકો પરેશાન બન્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આઠમના પરંપરાગત મેળાના આયોજનમાં આયોજકો વ્યસ્ત બન્યા છે.
- સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ આજે મનપા દ્વારા સંગીત સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૮૬ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના મુખ્ય પ્રવેશ દ્વાર સમા ચિલોડા સર્કલ પાસે આવેલું જગદંબા ભવન બ્રહ્મા કુમારી સેવા કેન્દ્ર ખાતે આઝાદી ના અમૃત મહોત્સવ હર ઘર તિરંગા અભિયાનમાં ભારત માતા ની ઝાંખી સાથે હાથમાં તિરંગો માથે તિરંગા ટોપી તિરંગા પટ્ટો ધારણ કરી બાબાના બ્રહ્મ ભાઈ બહેનો તેમજ રાજયોગીની તારાદીદી દ્વારા આયોજિત રાષ્ટ્રીય પર્વ ની અનોખી શાનદાન રાષ્ટ્રભક્તિ ની ઉજવણી વંદેમાતરમ ભારત માતા ની જય વગેરે સૂત્રોચ્ચાર કરી ઉમંગ અને ઉત્સાહ પૂર્વક કરતા અનોખો માહોલ માણ્યો

પથિકાશ્રમ બસડેપોમાં કર્મચારીનો મુસાફરો સાથે ઉદ્ધત વર્તન

બસની અનિયમિતતા અંગે ફરિયાદો વધી : પૂછપરછની બારીમાં બેસતા કર્મચારીઓ અને મુસાફરો સાથે ઉદ્ધત વર્તન કરતા મુસાફરોમાં રોષ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર એસ.ટી. ડેપોના કર્મચારીના ઉદ્ધત વર્તનને કારણે મુસાફરોમાં રોષ ભભુક્યો છે. પથિકાશ્રમ એસ.ટી. ડેપોમાં પૂછપરછની બારીમાં મુસાફરો બસોની અનિયમિતતા અંગે ફરિયાદ કરવા પહોંચ્યા હતા ત્યારે કર્મચારીના વર્તનથી મુસાફરોમાં રોષ વ્યાપ્યો છે. મુસાફરોની ફરિયાદો ડેપોના કર્મચારીઓ ન સાંભળતા હોવાની ફરિયાદો દિન પ્રતિદિન વધવા પામી છે. મુસાફરોના જણાવ્યા અનુસાર સાણંદ-ઉન્ડવા બસ પથિકાશ્રમ બસસ્ટેન્ડ નંબર ૧૦ ઉપરથી વહેલી સવારે ૭ વાગ્યે ઉપડે છે જે રવિવારે સમય પર ન આવતા મુસાફરોએ પૂછપરછ બારી જઈને તપાસ કરવાનો પ્રયાસ કર્યો હતો. તારીખ ૧૪ ઓગષ્ટના રોજ સાણંદ-ઉન્ડવાની બસ ૭.૩૦ વાગ્યા સુધી આવી જ નહોતી જેની તપાસ કરતા એવી માહિતી મળી હતી કે બસ આજે આવી જ નથી અન્ય બસમાં બેસીને જતા રહો અને આ બસ થોડા સમય બાદ આવી હતી પરંતુ બસસ્ટેન્ડ નંબર ૧૦ પર ઉભી રહેવાના બદલે બસસ્ટેન્ડ નં. ૩-૪ પરથી આવીને ઉપડી ગઈ હતી. આ બસમાં સવારે ૭ વાગ્યે બેસવાવાળા મુસારોની સંખ્યા પણ વધુ હતી. જે કલાકો સુધી બસસ્ટેન્ડ નં. ૧૦ ઉપર બસની રાહ જોતા રહી ગયા હતા. વધુમાં બસ આવી તેની એસ.ટી. ડેપો તરફથી માઈકમાં એનાઉન્સમેન્ટ પણ કરવામાં આવ્યુ નહોતુ. મુસાફરોએ ફરીથી પૂછપરછ બારીમાં જઈને તપાસ કરી ત્યારે ત્યાંના સ્ટાફે જણાવ્યું હતું કે બસ જે-તે પોઈન્ટ પર આવીને ઉભી રહીને ઉપડી ગઈ છે. આ બાબતે વિરોધ કરતાં મુસાફરોને ફરિયાદ કરવા માટે છેક સાણંદ જાઓ અમે કશું કરી શકીએ નહી તેવો જવાબ મળ્યો. તથા મુસાફરો સાથે ઉદ્ધત વર્તન કરવામાં આવ્યું હતું. બસો અનિયમિત આવતા મુસાફરોને મુસ્કેલી વેઠવી પડી રહી છે. ડેપોમાં ટાઈમટેબલ પ્રમાણે બસો આવતી ન હોવાના કારણે મુસાફરોમાં તંત્ર સામે વિરોધ પ્રસર્યો છે. આ ઉપરાંત બસો બસસ્ટોપ પર ઉભી પણ રહેતી નથી. બસના ડ્રાઈવરો પોતાની મનમાની મુજબ બસો હંકારી રહ્યા છે અને મુસાફરો કલાકો સુધી બસોની રાહ જોતા બેસી રહે છે જે અંગે જવાબદાર તંત્રએ યોગ્ય પગલા લેવા જોઈએ. અવારનવાર ફરિયાદો આવતા કડક પગલા જવાબદાર કર્મચારીઓ માટે લેવા જોઈએ.

ગાંધીનગરના પ્રભાતસિંહ ચૌહાણને વિશિષ્ટ પોલીસ સેવા મેડલ

પોલીસ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

છેલ્લા વીસ વર્ષથી સીઆઈડી આઈબી વિભાગમાં ઈન્ટેલિજન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા પ્રભાતસિંહ આર.ચૌહાણ (શિયાણી)ને તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સ્વતંત્રતા પર્વ નિમિતે મહામહીમ રાષ્ટ્રપતિ દ્વારા વિશિષ્ટ પોલીસ સેવા મેડલથી સન્માનિત કરવામાં આવ્યા છે. ત્યારે ઉલ્લેખનીય છે કે પ્રભાતસિંહને વર્ષ ૨૦૧૨માં ઉત્તમ કામગીરીને પગલે

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા ૨૫મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી ૨૫મી ઓગષ્ટના રોજ પંચાયતના સરદાર પટેલ હોલ ખાતે મળશે.પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષપદે મળનારી આ ખાસ સામાન્ય સભા હશે. આ બેઠકમાં સભ્યો દ્વારા પ્રશ્નોત્તરી રજુ થશે નહિ. સભ્યોને આ માટેનો એજન્ડા પાઠવી દેવામાં આવ્યો છે. આ બેઠકમાં કારોબારી સમિતિના ચેરમેનનું કારોબારીના સભ્ય અને ચેરમેન તરીકે આપેલા રાજીનામાને મંજૂરીની મહોર મારવામાં આવશે. દિનેશજી ઠાકોરે આપેલા રાજીનામા પછી તેની ખરાઈ સહિતની કામગીરી સંપન્ન થઈ ગયા બાદ આ સામાન્ય સભા મળી રહી છે.

આ બેઠકમાં અન્ય એક મુદ્દો પણ છે. આ સામાન્ય સભામાં કારોબારી સમિતિમાં નિમણુંક કોને આપવામાં આવે છે તેને લઈ ભાજપમાં લોબિંગ શરૂ થઈ ચુક્યુ છે. કારોબારી સમિતિનું ચેરમેનપદ કોને ફળવાશે તે પણ અંદરોઅંદર ચર્ચાનો મુદ્દો છે.

ડભોડા હાઈસ્કુલના ઈન્ચાર્જ આચાર્ય વિનોદભાઈ પાંડેએ ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૧૪

જિલ્લાના ડભોડા સ્થિત શ્રી એમ. એચ. વિદ્યામંદિરના ઉત્સાહી, પ્રવૃતિશીલ, સંશોધનકર્તા, નિષ્ઠાવાન અને પ્રામાણિક, વિજ્ઞાન-ગણિત શિક્ષક (ઈન્ચાર્જ આચાર્ય) ડૉ.વિનોદકુમાર બાબુરામ પાંડેની તાજેતરમાં "ગુજરાત રાજયના શ્રેષ્ઠ શિક્ષક" એવોર્ડ તરીકે પસંદગી થયેલ છે. ડૉ.વિનોદકુમાર બાબુરામ પાંડે ડભોડામાં છેલ્લા ૧૭ વર્ષથી વિજ્ઞાન-ગણિત શિક્ષક તરીકે સેવાઓ આપે છે. તેઓ વર્ષ ૨૦૨૧ ઈન્ચાર્જ આચાર્ય તરીકે સેવા આપે છે. તેઓએ તેમના કાર્યકાળ દરમિયાન ઉત્તમ શિક્ષણ પુરૂં પાડ્યુ છે. તેમના વડપણ હેઠળ શ્રી એમ. એચ. વિદ્યામંદિર, ડભોડાને જિલ્લાની "શ્રેષ્ઠ સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર"નો એવોર્ડ મળેલ છે અને ખેલ મહાકુંભમાં પણ તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

આદરણીય રાજયોગીની કૈલાશદીદીજીની આગેવાનીમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, સેકટર.૨૮, ગાંધીનગરના બ્રહ્માકુમારીઝ ગ્રુપ દ્વારા, 'આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર' કાર્યક્રમ અંતર્ગત રક્ષાબંધન મહોત્સવ- ૨૦૨૨ તળે, સેક્ટર.૨૭ માં આવેલ પોલીસ અધિક્ષક ગાંધીનગરની કચેરી ખાતે શ્રી તરુણ કુમાર ડુંગગલ (એસપી) સાહેબ, અન્ય પોલીસ અધિકારીઓ પોલીસ જવાનો તથા સ્ટાફને બી.કે.જુગનુંબેન દ્વારા ઈશ્વરીય શક્તિ અને પ્રભુ વરદાનથી સંપન્ન રક્ષા કવચ-રાખડી બાંધી સૌનું પ્રસાદથી મુખ મીઠું કરવામાં આવેલ અને જીવનમાં રહેલ કમી કમજોરી છોડવાનું પ્રતિજ્ઞાપત્ર પણ ભરાવવામાં આવ્યુ હતુ.

પારસી નૂતન વર્ષ-'નવરોઝ' પર્વની શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૨ના રોજ પારસી નૂતન વર્ષ નવરોઝના પાવન અવસરે પારસી સમુદાયનું હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. આ પ્રસંગે રાજય પાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે, નવરોઝનું પાવન પર્વ ઉત્સાહ અને ઉલ્લાસભેર ઉજવવામાં આવે છે. આ પર્વ સામાજિક સદભાવ અને સમરસતાનું પ્રતીક છે.

દહેગામના યુવાને અંગ્રેજોના અત્યાચાર સહ્યા: દમન સામે ડર્યા વિના ફુલવદન બ્રહ્મભટ્ટે લડત ચાલુ રાખી

ગાંધીનગર,તા.૧૪

આઝાદીની અમરગાથાઓમાં કેટલાય શહીદોનાં બલિદાનોની વ્યથા અને કથાઓ છુપાયેલી છે. આઝાદીના જંગની પરાકાષ્ટા કાંઈ રાતોરાત આવી નથી. કંઈ કેટલાય નામી અનામી શહીદોએ પોતાના જીવનના અમૂલ્ય સમયનો ભોગ અને જિંદગીનું બલિદાન આપ્યું છે. જંગના આ ઈતિહાસમાં ગાંધીનગર જિલ્લાનું દહેગામ પણ પાછું નહોતું પડ્યું. દહેગામનાં વીર સપૂતોએ રાષ્ટ્રધ્વજ લહેરાવવા માટે, અંગ્રેજો સામેની લડતમાં કંઈ કેટલાય અત્યાચારો સહન કરીને માતૃભૂમિની આઝાદીમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. વાત ૧૯૪૩ ની હિંદ છોડો ચળવળની છે. માજુમ અને વાત્રક નદીનાં ખળખળ કરતા નીર આ પ્રદેશમાં અંગ્રેજો સામેની આઝાદીની લડતમાં મૂક સાક્ષી બન્યા હતા. સમગ્ર પંથક હરિયાળીથી ભરપૂર હતું રાતના કાળાડિબાંગ વાદળો અને વીજળીની ગર્જના વચ્ચે એક યુવક ખળખળ કરતી વાત્રક નદીનાં કેડસમા પાણીમાં ઉતરી સામે કિનારે જઈ રહ્યો હતો. તેના પગ છોલાયાં હતા. નદીનાં કોતરોનાં ઉબડ ખાબડ રસ્તામાં ઝાંખરાએ તેના ઝભ્ભાનાં લીરા ઉડાવ્યા હતાં. મો પર પડતી ચાંદનીનાં પ્રકાશમાં તેના મુખ પર થાક કે રઝળપાટનો કોઈ અંશ દેખાતો ન હતો. એક જુસ્સા અને ખુમારીભર્યા ચહેરે તે વાત્રક નદીનાં બીજા કિનારે આવેલા ગામોમાં અંગ્રેજી હુકુમત વિરોધી પત્રિકાઓ વહેંચવાં રાતના અંધકારમાં નિકળ્યો હતો. સુમસામ રાત્રિના અંધકારમાં ક્યાંકને ક્યાંક અંગ્રેજોના ઘોડાના ડાબલાનાં અવાજો અને ઘોડાની હણહણાટીથી તેની આહટનાં આસાર મળી રહેતા હતા. ચળવળ શાંત પાડવા ઠેરઠેર ઘોડેસવારો મુકાયા હતા. મેજર એકવિનો એ યુવકને શોધી રહ્યો હતો, જે અંગ્રેજો વિરુદ્ધની પત્રિકાઓ લખી ગામેગામ વહેચતો અને જંગની આ ચળવળને જુસ્સાભેર આગળ ધપાવી રહ્યો હતો. તે માટે મેજર એકવિનો નામનાં આ અંગ્રેજ અમલદારે નદીકાંઠાના વિસ્તારોમાં યુવકને ઝડપી લેવા વૉચ આદરી હતી. તે યુવક હતો દહેગામનો સ્વાતંત્ર્ય સેનાની ફુલવદન બ્રહ્મભટ્ટ. હિંદ છોડો ચળવળ વખતે અંગ્રેજોનાં જૂલ્મની પરાકાષ્ઠા આવી ગઈ હતી. તો બીજી તરફ ચળવળ વેગીલી બની ઉઠી હતી. આ સમયે માત્ર ૧૮ વર્ષની યુવાન વયે ફુલવદન બ્રહ્મભટ્ટે અંગ્રેજો સામે માથું ઉચક્યું હતું, અને ગામડે ગામડે રઝળપાટ કરી અંગ્રેજો વિરુદ્ધની પત્રિકાઓ વહેંચી હતી. એક વખતે નાળીયામાંથી પસાર થતી વેળા મેજરે તેમની ધરપકડ કરી હતી. અને ઘેલશાહનાં મહોલ્લાનાં ચોકમાં લાવી તેમનાં પર ભારે યાતનાઓ કરી પગ પર લાકડીઓ વરસાવી તેમના પગનો અંગૂઠો તોડી નાંખવાનો હુકમ કરી તુમ્હે સ્વરાજ ચાહીએ કહી પગનો અંગુઠો તોડી નાંખ્યો હતો. આટલા અત્યાચાર થવા છતાં પણ તેઓ રોકાયા ન હતા અને પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. તેની જાણ ફરી આ એકવિનો અમલદારને થતા તેમની ધરપકડનું વોરંટ કાઢતાં ફૂલવદન બ્રહ્મભટ ગુપ્તવાસમાં ચાલ્યાં ગયા હતા. પાછલી અવસ્થામાં તેઓ એક સારા પત્રકાર, ઉત્તમ વક્તા અને એક ઉમદા વ્યક્તિત્વ તરીકેનું જીવન જીવ્યા હતા. તા ૧૫ મી માર્ચ ૨૦૧૨ ના રોજ તેઓનું અવસાન થયું હતું.

ડભોડા ખાતે તિરંગા યાત્રા યોજાઇ

ગાંધીનગર,તા.૧૪

આઝાદી ને ૭૫ વર્ષ પૂર્ણ થયાના અવસરે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે,ગુજરાત પોલીસનુ ગૌરવ, શોર્ય, સમર્પણ અને શૂરવીરતા નું સરનામું એટલે ચેતક કમાન્ડો ફોર્સ સાસન પ્રશાસનના મજબૂત ઇરાદા અને પરિશ્રમ થકી અત્યંત આધુનિક આર્મ-ઇકવિપમેન્ટ થી સુસ્સજ ગુજરાત ની શાન સમુ આ દળ કટક આપદા માં અડીખમ ઉભુ રહી યશ કલગી શમું દીપી રહ્યું છે,માનવસર્જિત વિપદા હોય કે કુદરત સર્જિત હોનારત જે પણ ટાસ્ક મળે છે એને પોતાની હિમ્મત, કોઠાસૂઝ અને ખુમારીથી સામનો કરે છે. આજે શનિવાર ના રોજ ડભોડા સ્થિત હનુમાન મંદિરના ફરતે ગામ ની ભાગોળે DGP શ્રી ગુજરાત રાજ્ય ની સૂચનાથી SP ચેતક કમાન્ડો સાહેબ શ્રી ચિંતન તેરૈયા નાઓના માર્ગદર્શન માં નોડલ ઓફિસર Dysp શ્રી કે.એમ.ઝાલા, PI શ્રી ડી.એમ.પટેલ તેમજ PI શ્રી એન. બી.બારોટ ટીમ માં સામેલ રહી તિરંગા યાત્રા પરેડ નું આયોજન સફળતા પૂર્વક